# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

India's National Spiritual Newspaper

₹ 10/-

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE (ECHO GROUP)

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXIV | NOVEMBER 2022 | NO: 09


### પવિત્ર બાઈબલ

કૃપા કરી આ ભાગ મોઢે કરો
પ્રભુની સ્તુતિ થાઓ!!
ગીતશાસ્ત્ર ૭૭ : ૧-૧૧

૧. હું ઈશ્વર આગળ મારી વાણી સંભળાવીશ, મારી વાણીથી હું દેવને અરજ કરીશ, અને તે મને કાન ધરશે.

૨. મારા દુઃખને દિવસે મેં પ્રભુને શોધ્યો; રાત્રે થાક ખાધા વગર, મારા હાથ તેની આગળ જોડી રાખેલા હતા; મારા આત્માએ દિલાસો સ્વીકારવાની ના પાડી.

૩. હું ઈશ્વરનું સ્મરણ કરીને વ્યાકૂળ થાઉં છું; હું પ્રાર્થના કરીને મનન કરું છું, ત્યારે મારો આત્મા મૂર્છિત થાય છે.

૪. તું મને મારી આંખો મીચવા દેતો નથી; હું એટલો બધો વ્યાકૂળ છું કે મારાથી બોલાતું નથી.

૫. હું આગલા દિવસોનો, પૂર્વના વર્ષોનો વિચાર કરું છું.

૬ રાતમાં મારું ગાયેલું ગીત મને સાંભરે છે; હું મનમાં મનન કરું છું; અને મારા આત્માએ ઘણી શોધ કરતાં પૂછ્યું કે,

૭. શું પ્રભુ આપણને સર્વકાળ તજી દેશે? શું તે ફરી પ્રસન્ન થશે નહિ?

૮. શું તેની કૃપા સદાને માટે છેક જતી રહી છે? શું તેનું વચન સદાકાળ રદ જશે?

૯. કૃપાળુ થવાને દેવ વીસરી ગયો છે? શું કોપ કરીને તેણે મહેરબાની બંધ કરી છે? (સેલાહ)

૧૦ ત્યારે મેં કહ્યું, આ તો મારી નિબળતા છે; પરંતુ પરાત્પરના જમણા હાથનાં વર્ષો હું સંભારીશ.

૧૧ હું યહોવાનાં કૃત્યોનું સ્મરણ કરીશ; તારા પૂરાતન કાળના ચમત્કાર હું સંભારીશ.

# યહોવા પ્રભુ તમને પણ આશીર્વાદ આપશે!

## THE LORD WILL BLESS YOU ALSO!

**"તારા પિતાનો દેવ જે તારી સહાયતા કરશે તેનાથી, ને સર્વશક્તિમાન દેવ જે ઉપરના આકાશના આશીર્વાદોથી તથા નીચેના ઊંડાણના આશીર્વાદોથી, સ્તનના તથા ગર્ભસ્થાનના આશીર્વાદોથી તને આશીર્વાદિત કરશે, તેનાથી તું બળવાન કરાશે.**

**- ઉત્પતિ ૪૯:૨૫**



**ઈકો ઓફ હીજ કોલના મિનિસ્ટ્રીજના ૫૪મા વાર્ષિક ઉજવણી સમારોહ દરમિયાન પાળક એસ. અબ્રાહમ દ્વારા આપવામાં આવેલો સંદેશ**

આપણા પૂર્વજ યાકૂબે, તેના મરણ અગાઉ તેના ૧૨ પુત્રોમાંના દરેકને આપેલા આશીર્વાદોને યહોવા પ્રભુએ ઉત્પતિના પુસ્તકના ૪૯માં અધ્યાયમાં જણાવ્યા છે.

"યૂસફ" ના નામનો અર્થ છે ગુણાકાર. જે કલમનો સંદર્ભ ઉપર ટાંકવામાં આવ્યો છે, (ઉત્પતિ ૪૯.૨૫). તે તો યૂસફને આપવામાં આવેલો આશીર્વાદ છે. આ આશીર્વાદમાં, આપણે ચાર પ્રકારના આશીર્વાદો જોઈ શકીએ છીએ:


૧) ઉપરના આકાશના આશીર્વાદો,
૨) આશીર્વાદો જે નીચેના ઊંડાણમાંથી આવે છે,
૩) માતા જે તેણીના બાળકને સ્તનપાન કરાવે છે, તે સંબંધિત આશીર્વાદો,
૪) માતાના ગર્ભસ્થાન સંબંધિત આશીર્વાદો, જે ઘણી પેઢીઓને ઉત્પન્ન કરવા માટે સમર્થ હોય છે, જો કે માતા બાળકના જન્મ વખતે ઘણી પીડાનો અનુભવ કરે છે.

### ૧. ઉપરના આકાશના આશીર્વાદો

ઉપરના આકાશના જે આશીર્વાદો આવે છે તે ઘણી ઉત્તમતા ધરાવતા હોય છે. ઈશ્વરના દરેક બાળકે આ આશીર્વાદ પ્રાપ્ત કરવો જ જોઈએ. જ્યારે આપણા પૂર્વજ ઈસહાકે તેના દીકરાને આશીર્વાદ અપ્યો હતો, ત્યારે તેણે ઉપરના આકાશના આશીર્વાદો પ્રથમ આપ્યા હતા: **"માટે દેવ તને આકાશનું ઝાકળ, ને પૃથ્વીની રસાળ જગા, તથા પુષ્કળ ધાન્ય તથા દ્રાક્ષારસ આપો."** ઉત્પતિ ૨૭:૨૮. આ આશીર્વાદ અનુસાર, જેમ ઈસહાકે જે દરેક બાબત કહી હતી, તે સર્વ પ્રમાણે યહોવા પ્રભુએ યાકૂબને પણ આપ્યું હતું. ઉત્પતિ ૧.૧ માં આપણે વાંચીએ છીએ, **"આદિએ દેવે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં."** આમ બાઈબલ નિર્દેશ કરે છે કે તે તો "આકાશો"

(અનુસંધાન પાન ૩ પર)

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)



## *from your dearly beloved brother...*



**"યહોવા પોતાનું મુખ તારા પર ઉઠાવો,
ને તને શાંતિ આપો."**
**– ગણના ૬:૨૬**

ઈસુ ખ્રિસ્તમાં વહાલા પ્રિય મિત્રો...

અમે આપણા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્તના અદ્‌ભૂત નામમાં તમને પ્રેમી સલામ પાઠવીએ છીએ.

ઈશ્વરની ભરપૂર દયાથી વર્ષ ૨૦૨૨ પૂરૂ થવા જઈ રહ્યુ છે. દુનિયાભરના લોકો પોતાની જાતને તૈયાર કરી રહ્યા છે અને ઈસુ ખ્રિસ્તના જન્મને અને આવનાર નવા વર્ષ ૨૦૨૩ની ઉજવણી કરવાની આતૂરતાથી રાહ જોઈ રહ્યા છે. આત્મિક લોકો તરીકે, આપણે આ દિવસોનો ગંભીરતાથી આત્મિક રીતે ઉપયોગ કરવો જોઈએ. આપણે આપણી જાતને, સતતની પ્રાર્થનાઓ તથા ઈશ્વરની ખરી સેવાઓમાં સામેલ કરવી જોઈએ.

પ્રાર્થના અને સેવા સિક્કાની બે બાજુ છે. આપણે ઘણા લોકોને ઈશ્વરની મિનિસ્ટ્રીમાં કે સેવામાં વ્યસ્ત રહેતા જોઈએ છીએ, પણ તેઓ તેમની પ્રાર્થનાની યાદીને તજી જોતા જોઈએ છીએ. આ આત્મિક પરિશ્રમમાં તથા પીછેહઠમાં પરિણમશે.

હું અહિં નીચે હાથે લખેલી નાની નોંધ તમારી સાથે વહેંચી રહ્યો છું, જે ઈશ્વરે મને આજે સવારે આપી છે.

લોકો સાથેની સંગત કોઈક વાર કડવી લાગણીઓ લાવે છે. આપણે સંપૂર્ણ લોકો નથી પણ આપણે દરરોજ સંપૂર્ણ થવા તરફ બદલાતા રહીએ છીએ. જો આપણે પવિત્ર આત્મા પ્રત્યે ખુલ્લા હોઈશું, તો ઈશ્વર આપણને શુધ્ધ કરવા અને બદલવા લોકોની ઉપયોગ કરે છે. પણ જે લોકો હમેશાં પ્રાર્થના કરે છે, તેઓ ક્રોધને અને શંકાને સ્થાન આપશે નહિ.

કજિયા કંડાસ અને તકરારની હાજરી પ્રાર્થનાની ગેરહાજરીને કારણે છે, પ્રાર્થના વગરની વ્યક્તિ એ બેમાંથી એક બાબતના સ્રોત હોય છે, જેમ કે ઝઘડો અને પીઠ પાછળની ટીકા. પાઉલ સ્પષ્ટપણે જાણતો હતો જે પડકારો અને મુશ્કેલીઓ સંગતમાં ઉદ્‌ભવશે, તેથી તેણે મંડળી માટે કડક નિયમ બનાવ્યો કે પુરુષોએ સતત પ્રાર્થના કરવી જોઈએ. તિમોથીને આ મૂદ્દાને સંભાળવાની જવાબદારી આપવામાં આવી હતી. જ્યારે પ્રેરિતો પ્રારંભની મંડળીમાં બાબતો સંભાળતી વખતે પ્રાર્થનામાં ઓછો સમય પસાર કરતા હતા, ત્યારે તેઓએ મુશ્કેલી, અસંતોષ અને તકરાર ઊભી થતા જોઈ હતી. જ્યારે તેઓએ પ્રાર્થના માટે જોઈતી વ્યવસ્થાઓ કરી ત્યારે સંગતની મધૂરતા ફરી ચાલૂ થઈ હતી. (પ્રેરિતોનાં કૃત્યો ૬:૪)



**ચૈન્નાઈમાંના અમારી મિનિસ્ટ્રીના ચાવીરૂપ આગેવાનો**

### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.


**CHIEF EDITOR**
Angeline Selvakumari Henry, M.A., M.Ed.

**MANAGING EDITOR**
Pastor Alex Samson Sam, B.Th., M.Div.

**ADMINISTRATION**
Bro. N. Prakasam, M.A., General Manager

**EDITORIAL BOARD**
Sis. Jesy Veena Sam
Sis. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Rev. Dr. K.R. Rajasekaran
Dr. A. Richard Samuel, M.A., Ph.D.

**EDITOR, PUBLISHER & PRINTER**
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 95661 31858

**CORE LEADERS**
Bro. K. Puratchivendan
Bro. A. Edward Durai
Bro. A. Alvin
Bro. K. Abraham
Sis. Dhanalakshmi Chinnaiah

**E.mail ID**
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

**WEBSITES**
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

**YOUTUBE CHANNEL**
Echo of His Call

જ્યારે પ્રાર્થના નિષ્ફળ જાય છે, ત્યારે પવિત્રતા નિષ્ફળ જાય છે. દરેક પ્રકારના પાપો અંદર આવે છે. આંખોની લાલસા, દેહની વાસના અને જીવનનું અભિમાન આવે છે અને વ્યક્તિગત તારણને અને મોટા પ્રમાણમાં ખ્રિસ્તના શરીરને નુકસાનકારક બનવાનું કારણ થાય છે. ત્યાં કોઈ સંતોષ નથી હોતો. ફરીયાદો, બડબડાટ, દોષ શોધવા, ટીકા અને નિંદા વધે છે. આ પ્રાર્થનાહિનતાના કડવાશભર્યા ફળો છે. શંકા દુઃખદાયક અંત માટે માર્ગ આપશે. જ્યારે લોકો પ્રાર્થનામાં નિષ્ફળ થાય છે, ત્યારે આ બધુ થશે. પ્રાર્થનાહિનતાને કારણે સંગતમાં નિષ્ફળતા આવે છે. પ્રાર્થના એ જીવન રક્તવાહીની છે જે આત્માનું ફળ ઉત્પન્ન કરે છે.

**આપણા ચાવીરૂપ આગેવાનો માટે ખાસ કાર્યક્રમ**

આપણી મિનિસ્ટ્રીના ચાવીરૂપ મુખ્ય આગેવાનો માટે અમે એક ખાસ સભાનું આયોજન ચેન્નાઈમાં તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ સાંજે ૫.૦૦ વાગે કર્યુ હતું. ઈશ્વર તેને આશીર્વાદિત કરો. ભાઈઓ, અમારા માટે પ્રાર્થના કરશો. (૧ થેસ્સલોનિકીઓને પત્ર)...

ઈશ્વર તમને આશીર્વાદ આપો.

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**

**પાળક એસ. સામ સેલ્વ રાજ અને એલેક્ષ સેમસન સામ**

(+91) 98412 71858 / 98410 71858,


E.mail : samselvaraj333@gmail.com

(પાન ૧ પરથી આગળ...)

હતા જે પ્રથમ ઉત્પન્ન કરવામાં આવ્યા હતા. ઈશ્વરે "આકાશોને" મોટું મહત્વ આપ્યું હતું. જ્યારે ઈશ્વરે જે વચન ઈબ્રાહિમને આપ્યુ હતું, તે વિશે તેણે શંકા કરી હતી, ત્યારે યહોવા પ્રભુએ તેને બહાર લઈ જઈને આકાશ તરફ જોવા કહ્યું હતું.



**"અને તેણે તેને બહાર લઈ જઈને કહ્યું કે, હવે તું આકાશની ગમ જો, ને તું તારાઓ ગણી શકે, તો ગણઃ અને તેણે તેને કહ્યું કે, તેટલાં તારાં સંતાન થશે."** (ઉત્પતિ ૧૫:૫). જ્યારે આપણે આ દુન્યવી જીવનમાં થાકી જઈએ છીએ, ત્યારે ઈશ્વર જે ઉપરના આશીર્વાદો તરફ આપણને ઈશારો કરે છે, તેને કારણે આપણા દુઃખો આનંદમાં ફેરવાઈ જશે. એક નાનો છોકરો ઈસુ પાસે આવ્યો. તેની પાસે પાંચ રોટલી અને બે



માછલી હતી. જ્યારે તે ખોરાક ઈસુના હાથમાં આવ્યો ત્યારે, તેને લીધે ૫૦૦૦ લોકોની ભૂખ સંતોષાઈ હતી. આટલા બધા લોકોને એક નાના છોકરાના ખોરાકે કેવી રીતે ખવડાવ્યા હશે? આ ચમત્કાર કેવી રીતે થયો હતો? શું તે તેને કારણે નહોતું કે ઈસુ ખ્રિસ્તે તે ખોરાક આકાશ તરફ ઊંચો કર્યો હતો અને ઉપરના આકાશના આશીર્વાદો મેળવ્યા હતા?

ઈસુ ખ્રિસ્તને તેમની સેવા દરમિયાન આકાશ તરફ દ્રષ્ટિ કરવાની ટેવ હતી. ઉપરના આકાશના આશીર્વાદો સ્વર્ગીય નિવાસસ્થાનમાંથી, જ્યાં ઈશ્વર વાસ કરે છે, ત્યાંથી સામર્થ્યને નીચે લાવશે. તે તો ઉપરના આકાશના આશીર્વાદનો મહિમા હતો, જેને કારણે એક નાના છોકરાનો ખોરાક એટલો પૂરો સામર્થ્યવાન બન્યો હતો કે જેણે હજારો માણસોની ભૂખ મટાડી હતી.

આવો આપણે એક બીજો પ્રસંગ જોઈએ, જેણે સ્વર્ગીય મહિમાની સાબિતી આપી હતી. એક વખત લોકો એક મૂંગા તથા બહેરા માણસને ઈસુ ખ્રિસ્ત પાસે લાવ્યા. માર્ક ૭.૩૩,૩૪માં આપણે વાંચીએ છીએ, **"અને આકાશ તરફ જોઈને તેણે નિસાસો મૂકીને કહ્યું કે, એફફથા, એટલે ઊઘડી જા. અને તરત તેના કાનો ઊઘડી ગયા, ને તેની જીભનું બંધન છૂટ્યું, ને તે સાફ બોલ્યો."** જ્યારે લાજરસ માંદો હતો. ત્યારે તેઓએ તેને સાજો કરવા ઈસુને ત્યાં આવવા કહ્યું હતું. પણ જ્યારે લાજરસ માંદો હતો ત્યારે અને તે મરી ગયો ત્યારે પણ ઈસુ તેને જોવા આવ્યા નહતા. લાજરસ મરી ગયો તેના ચાર દહાડા પછી તેઓ તે જગાએ આવ્યા હતા, જો કે લાજરસ ઈસુનો ખાસ મિત્ર હતો. તો પણ જ્યારે લાજરસની કબર પાસે તેઓ આવ્યા ત્યારે લાજરસનું શરીર ગંધાવા લાગ્યું હતું. (યોહાન ૧૧.૩૯). બાઈબલ યોહાન ૧૧.૪૧,૪૨માં કહે છે, **"...અને ઈસુએ આંખો ઊંચી કરીને કહ્યું કે, હે બાપ, તે મારું સાંભળ્યું છે, માટે હું તારો આભાર માનું છું. અને તું નિત્ય મારું સાંભળે છે, એ હું જાણતો હતો..."** આમ, ઉપરના આકાશના આશીર્વાદો અને સામર્થ્ય મેળવ્યા પછી, **"તેમણે ઊંચે સ્વરે પોકાર્યું કે, લાજરસ, બહાર આવ!"** (યોહાન ૧૧:૪૩). ત્યારે લાજરસ, જેનું શરીર ગંધાતું હતું, કેમ કે તેને મરીને ચાર દહાડા થયા હતા, તે જીવતો બહાર આવ્યો. તે ઈસુ માટે કોઈ સમસ્યા નથી કે સમસ્યા કેટલી મોટી છે. તેઓ કોઈપણ સમસ્યા કરતા મોટા છે, કેમ કે તેઓ સર્વશક્તિમાન અને સર્વ રીતે સામર્થ્યવાન ઈશ્વર છે, જે ઉપરના આકાશના આશીર્વાદો આપણા પ્રભુ ઈશ્વરના સામર્થ્યને નીચે લાવે છે, ને કોઈપણ સમસ્યા કરતા મોટા છે. વધુમાં, તે જેઓ સર્વ વિશ્વાસ કરે છે, તેમને ઈશ્વરના રાજ્યમાં પ્રવેશ આપે છે. **જ્યારે ઈસ્રાએલપુત્રો રફીદીમમાં હતા, ત્યારે તેઓએ પીવાને પાણી ન હતુ માટે મૂસા સાથે તકરાર કરી હતી. તે સમયે મૂસાએ ઉપરની તરફ જોયું હતું અને યહોવા પ્રભુને પોકાર કર્યો હતો.** (નિર્ગમન ૧૭:૧-૪). તે સૂકા પ્રદેશમાં, ઉપરનો આકાશનો આશીર્વાદ અદ્ભૂત રીતે નીચે આવ્યો હતો અને **ખડકમાંથી પાણી ફૂટી નીકળ્યું હતું.** (નિર્ગમન ૧૭:૫.૬)

જ્યારે યાકૂબ હારાનમાં જવા બેરશેબાથી નીકળ્યો હતો, ત્યારે તે એક અવાવરૂ વેરાન જગાએ રહ્યો હતો. ત્યાં કોઈ પથારી કે ઓશિકું ન હતા. તેણે ઓશિકા તરીકે પથ્થરનો ઉપયોગ કર્યો હતો. તે તેના ભવિષ્ય વિશે કશું પણ જાણતો ન હતો અને એમ જ તે ત્યાં સૂઈ ગયો હતો. તે જીવનની સમજણમાં નવો હતો અને તે ઘણો માનસિક તણાવમાં હતો. ત્યાં તેને એક સ્વપ્ન આવ્યું, અને જુઓ, **"એક સીડી પૃથ્વી પર ઊભી કરેલી હતી, ને તેની ટોચ આકાશ સુધી પહોંચી હતી; અને જુઓ તેના પર દેવના**

**દૂત ચઢતા ને ઊતરતા હતા. અને જુઓ, તેના ઉપર યહોવા ઊભો રહ્યો હતો...''** (ઉત્પતિ ૨૮:૧૨,૧૩)

ઈશ્વરના એક સેવકે તેમની સર્વ બચતમાંથી તથા લોકોએ આપેલા દાનોમાંથી એક દેવળ બાંધ્યું, કે જેમાં ૫૦૦૦ લોકો બેસી શકતા હતા. થોડાક જ મહિનાઓમાં જે દેવળ તેણે ઘણી સમસ્યાઓ વચ્ચે બાંધ્યું હતું. તે તોફાનમાં સપડાયું અને તે મકાન તૂટી પડ્યું. જ્યારે તેમણે ઈશ્વરની સ્તુતિ કરી, જો કે તેઓ ઘણી પીડામાં હતા, ત્યારે ઘણા લોકોએ તેમની મશ્કરી કરી હતી. આવી મુશ્કેલભરી સ્થિતિમાં, કેટલાક લોકો તેમની પાસે આવ્યા અને તેમને પૂછયું કે, ''શું તમે અમારા દેવળમાં સંદેશો આપશો?'' તેમણે તે વિનંતી એમ સમજીને સ્વીકારી કે કદાચ તેને લીધે તેમને દિલાસો પ્રાપ્ત થાય. ત્યાં ઘણા મહિનાઓ સુધી તે સંદેશાઓ આપવાની સેવામાં સંકળાયેલા રહ્યા. જ્યારે તેઓ સંદેશાઓ આપતા હતા, ત્યારે લોકોએ પ્રભુના મહિમાનો અનુભવ કર્યો હતો. તેથી, તેમાંના ઘણા લોકોએ તે ભજનસેવામાં હાજરી આપવાનું શરૂ કર્યુ, ઘણા લોકોએ નવું જીવન પ્રાપ્ત કર્યુ. જ્યારે તેમણે અંદાજે બે લાખ લોકોને ત્યા સંદેશો આપવાનું શરૂ કર્યુ ત્યારે તેમણે પ્રભુનો કોમળ સાદ સ્પષ્ટ રીતે સાંભળ્યો. જ્યારે તે ઘણા આનંદ સાથે પ્રભુને સાંભળી રહ્યો હતો, ત્યારે પ્રભુએ તેને કહ્યું, ''તારી ૫૦૦૦ લોકો માટે જરૂર ન હતી. મેં તારા પહેલાનાં દેવળનો નાશ કર્યો કારણ કે તું લાખો લોકો માટે ઉપયોગી થાય એમ હું ઈચ્છતો હતો.''

યહોવા પ્રભુએ માળો તોડી નાખ્યો હતો કે જેથી પક્ષીએ પોતાની જાતે ઊડતા શીખવું જોઈએ અને પોતાની જાતે ખોરાક માટે શિકાર કરવો જોઈએ. યાકૂબે તેના સ્વપ્નમાં સીડી પર શું જોયું હતુ? સીડીની ટોંચ પર તેણે યહોવા પ્રભુને જોયા હતા. સીડી વિશે શીખવા માટે આવો આપણે યોહાન ૧:૫૧ તરફ ફરીએ, **''તે તેને કહે છે કે, હું તમને ખચીત ખચીત કહું છું કે, તમે આકાશ ઊઘડેલું, અને દેવના દૂતોને માણસના દીકરા, ઉપર ચઢતા ઊતરતા જોશો.''** તે સીડી તો ઈસુ ખ્રિસ્ત પોતે છે. ઈસુ ખ્રિસ્ત એ સીડી છે કે જેમની મારફત તમારી પ્રાર્થનાઓ ઈશ્વરપિતા પાસે લઈ જવામાં આવે છે અને તેમની મારફત તેમના જવાબો લાવવામાં આવે છે. **''તેનું માથું તથા કેશ ધોળા ઊનના જેવાં, બરફની માફક શ્વેત હતા અને તેની આંખો અગ્નિની જવાળા જેવી હતી. તેના પગ જાણે ભઠ્ઠીનાં શુધ્ધ થયેલા ચળકતા પિતળના જેવા હત... તેના જમણા હાતમાં સાત તારા હતા...''** (પ્રકટીકરણ ૧:૧૪-૧૬). ઈસુ ખ્રિસ્ત કે જેમનું મુખ એક ચમકતા સૂર્ય જેવું હતું, તેઓ આપણા માટે સીડી બન્યા અને તેઓ સદાકાળ આપણી સાથે છે અને આપણું રક્ષણ કરે છે, આપણને ક્યારેય તજી દેતા નથી. અયૂબ ૯:૧૧માં આપણે વાંચીએ છીએ, **''તે મારી પાસેથી જાય છે, તોપણ હું તેને દેખતો નથી, વળી તે આગળ ચાલતો જાય છે, પણ હું તેને દેખતો નથી.''** જ્યારે તેઓ આપણી સાથે રહે છે, ત્યારે તેઓ આપણને આશીર્વાદો આપવા તૈયાર હોય છે, જેને આપણે સમજવામાં નિષ્ફળ જઈએ છીએ.

## ૨. નીચેના ઊંડાણના આશીર્વાદો!

જ્યારે આપણે ઉપરના આકાશના આશીર્વાદો પ્રાપ્ત કરીએ છીએ, ત્યારે તેઓ આપણને તેની સાથે નીચેના ઊંડાણના આશીર્વાદો આપવાની વ્યવસ્થા કરે છે. નીચેના ઊંડાણના આશીર્વાદો ઘણા મહત્વના છે. **''અને તેણે સિનાઈ પર્વત ઉપર**



**મૂસાની સાથે વાતચીત પૂરી કરીને તેને બે સાક્ષ્યપાટી, એટલે દેવની આંગળીથી લખેલી બે શિલાપાટીઓ આપી.''** (નિર્ગમન ૩૧:૧૮). મૂસાએ ઉપરના આકાશના આશીર્વાદો પ્રાપ્ત ક્ર્યા પછી, તે શિલાપાટી લખેલા યહોવા પ્રભુના નિયમો સિનાઈ પર્વત પરથી નીચે લઈ આવ્યો હતો, જે નીચેના ઊંડાણના આશીર્વાદ છે. આ નીચેના ઊંડાણના આશીર્વાદ લોકોને દોરવા માટે, બાળકોને માર્ગ બતાવવા માટે અને કુટુંબને સહાય કરવા માટેનો હતો. કેમ કે મૂસાને પર્વત પરથી નીચે આવવા મોડું થયું હતું, તેથી લોકોએ હારૂનને એક ઢાળેલું વાછરડું બનાવવા કહ્યુ, અને તેની પૂજા કરવાની શરૂઆત કરી. જ્યારે મૂસાએ તે જોયું, ત્યારે તે ઘણો નારાજ થયો હતો

(પાન ૬ પર...)

**नहेम्याह बाइबल कॉलेज**
**रेसिडेन्शल कॉलेज, चेन्नई।**

**माध्यमः हिन्दी**

ECHO OF HIS CALL 1969-2019 (ECHO GROUP)

*सदस्यता के लिए पंजीकृत उम्मीदवार* - ATA

Regd. Candidate for Membership ATA NEHEMIAH BIBLE COLLEGE CHENNAI ECHO OF HIS CALL Estd. 1969

**सुविख्यात अंतर्राष्ट्रीय मसीही अगुवे तथा पिछले 53 वर्षों से सेवारत वरिष्ठ पासवान**

सर्टिफिकेट इन थियोलॉजी – 1 साल
डिप्लोमा ऑफ थियोलॉजी – 2 साल

**योग्यता 10 वी या अधिक**
**जल्दी करें!**

**Contact : The Chairman, Nehemiah Bible College.**
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org
★ ऑनलाइन कक्षाएं उपलब्ध हैं ★

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ નવેમ્બર ૨૦૨૨ થી ૧૮ ડિસેમ્બર ૨૦૨૨ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

**૧૯ નવેમ્બર** : આપણા બાઈબલના પત્રવ્યવહાર અભ્યાસક્રમ અને ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમમાં વૃદ્ધિ માટે

**૨૦ નવેમ્બર** : આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ, ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવન સાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબ માટે

**૨૧ નવેમ્બર** : ૧૬ ભાષાઓમાં છપાતા અમારા સામયિક પરના તેમના આશીર્વાદો માટે, જે અમારા છાપખાનામાં છપાય છે અને મિશન વિસ્તારોમાં મોકલવામાં આવે છે

**૨૨ નવેમ્બર** : આક્ટોબર મહિનાની અમારી સર્વ જરૂરીયાતો પૂરી પાડવા માટે

**૨૩ નવેમ્બર** : અમારી હોસ્પિટ મિનિસ્ટ્રીમાં ઈશ્વરના ચમત્કારો માટે

**૨૪ નવેમ્બર** : અમારા મુખ્ય ચર્ચ અને શાખા ચર્ચો તથા તેમાંના વિશ્વાસીઓ માટે

**૨૫ નવેમ્બર** : અમારા **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ**ના આચાર્ય, શિક્ષકો તથા અન્ય કર્મચારી સભ્યો માટે

**૨૬ નવેમ્બર** : અમારા વડીલ પાળકને બહુવિધ મિનિસ્ટ્રીજો દ્વારા સુવાર્તાનો પ્રચાર કરવાની તેમની પ્રતિબધ્ધતા માટે

**૨૭ નવેમ્બર** : નવા વિશ્વાસીએ સાથે અમારા ચર્ચને આશીર્વાદિત કરવા માટે

**૨૮ નવેમ્બર** : અમારી સંસ્થાને નવા કર્મચારીઓ સાથે આશીર્વાદિત કરવા માટે

**૨૯ નવેમ્બર** : તારીખ ૧૨.૯.૨૦૨૨ના રોજ ભરવામાં આવેલી આગેવાનોની સભા પરના આશીર્વાદ માટે

**30 નવેમ્બર** : તારીખ 30.૯.૨૦૨૨ના રોજ સર્વ વિશ્વાસીઓ માટે ચેપોકમાં ભરાયેલી પ્રાર્થના સભા માટે

**૦૧ ડિસેમ્બર** : અમારા સર્વ કર્મચારી સભ્યો અને તેમના કુટુંબો પરના આશીર્વાદ માટે

**૦૨ ડિસેમ્બર** : અમારા સહ-સંપાદકો અને તેમના સહયોગ માટે

**૦3 ડિસેમ્બર** : અમારી મુખ્ય ચર્ચમાંની તથા શાખા ચર્ચોમાંની રવિવારની ભજન સેવાઓ અને મિનિસ્ટ્રી દ્વારા વણખેડાયેલા વિસ્તારોમાં, જૂથોમાં સુવાર્તા ફેલાવવા માટે.

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

**૦૪ ડિસેમ્બર** : સર્વ દેશોમાં એકતા અને શાંતિ માટે

**૦૫ ડિસેમ્બર** : અમારી **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ** અને **નહેમ્યા બાઈબલ કોલેજ**ના સર્વ કર્મચારી વર્ગ તથા વિદ્યાર્થીઓ માટે

**૦૬ ડિસેમ્બર** : **ઈકો ઓફ હીજ કોલ**ના સહસંપાદકો અને તેમના કુટુંબો માટે

**૦૭ ડિસેમ્બર** : અમારા કર્મચારીવર્ગને અને છાપખાનાના કર્મચારીઓને તેમના કામના કલાકો દરમિયાન અમારા સ્થળે સલામત તથા તંદુરસ્ત રાખવા માટે.

**૦૮ ડિસેમ્બર** : અમારા **નહેમ્યા બાઈબલ કોલેજ**ના નિવાસી વિદ્યાર્થીઓની સારી તંદુરસ્તી માટે

**૦૯ ડિસેમ્બર** : **ઈકો ઓફ હીજ કોલ** સામયિક સિંધી, કોંકણી અને મણિપૂરી ભાષામાં પ્રકાશિત કરવા માટે

**૧૦ ડિસેમ્બર** : અમારી સંસ્થા માટે યોગ્ય કર્મચારીઓને નોકરીએ રાખવા માટે

**૧૧ ડિસેમ્બર** : જુવાનો મધ્યેથી આત્મહત્યાના આત્માને કાઢવા માટે

**૧૨ ડિસેમ્બર** : અમારા મુખ્ય ચર્ચ અને શાખા ચર્ચોના સભ્યોના લાભો માટે

**૧૩ ડિસેમ્બર** : આ મહિનાની અમારી સર્વ જરૂરીયાતો ઈશ્વર પૂરી પાડે તે માટે

**૧૪ ડિસેમ્બર** : અમારા **ઈકો ઓફ હીજ કોલ**ના મિનિસ્ટ્રીયલ પ્રવૃત્તિઓના ભાગીદારો અને રાજ્ય કો-ઓર્ડીનેટરો માટે

**૧૫ ડિસેમ્બર** : અમારી મિનિસ્ટરીયલ વિસ્તારણ માટે અને દુનિયાભરમાં સુવાર્તાના પ્રચાર માટે

**૧૬ ડિસેમ્બર** : દુનિયાભરની મહિલાઓ તથા બાળકોની સલામતી માટે

**૧૭ ડિસેમ્બર** : અમારા વડીલ પાળકની તેમની આત્મકથા લખવામાં સફળતા માટે.

**૧૮ ડિસેમ્બર** : અમારા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબના સભ્યો પર દરેક પ્રકારના દુષ્ટ પરિબળોથી દૈવી રક્ષણ માટે

(પાન ૪ પરથી આગળ...)

અને ઘણો ક્રોધે ભરાયો હતો અને તેણે શિલાપાટીઓ નીચે ફેંકી દીધી અને તે તોડી નાખી હતી. આપણે ઉપરના આકાશના આશીર્વાદો અને આત્મિક આશીર્વાદો પ્રાપ્ત કરવા એટલું પૂરતું નથી. આપણે નીચેના ઊંડાણના આશીર્વાદો પ્રાપ્ત કરીએ એ પણ જરૂરી છે. આ આશીર્વાદ પીડા, માનસિક દબાણ અને દુ:ખો દૂર કરશે. આ આપણને દુન્યવી આશીર્વાદો પ્રાપ્ત કરવામાં પણ સહાયરૂપ થશે. આ આશીર્વાદ પણ ઈશ્વર તરફથી આવે છે. આપણે ચોક્કસ નીચેના ઊંડાણના આશીર્વાદ પ્રાપ્ત કરવા જોઈએ. આપણે આ આશીર્વાદનો આપણા લોકો, આપણા બાળકો અને આપણા કુટુંબ માટે ઉપયોગ કરી શકીએ છીએ, અને તેમને દોરી શકીએ છીએ. ઘણા કુટુંબો મોટી મુશ્કેલીમાં સપડાયા છે, કેમ કે તેઓએ આ આશીર્વાદ મેળવ્યો નથી. એમ વિચારીને કે ઉપરના આકાશનો આશીર્વાદ પૂરતો છે, અને ઈશ્વરે જે તેમને આપ્યું છે, તેને ભાંગી નાખે છે. તેથી, તેઓ દુ:ખમાં જીવે છે.

અયૂબે તેના સર્વ દુન્યવી આશીર્વાદો માત્ર એક જ દિવસમાં ગુમાવ્યા હતા. તેણે ૭૦૦૦ ઘેટાં, ૩૦૦૦ ઊંટો, ૫૦૦ બળદો, ૫૦૦ ગધેડીઓ, તેના પોતાના દીકરાઓ, દીકરીઓ અને સેવકો એક જ દિવસમાં ગુમાવ્યા હતા. અયૂબ જાણતો હતો કે તેના યહોવા પ્રભુ, તેણે જે ગુમાવ્યું હતુ, તેનું બમણું આપી શકે છે. તેને વિશ્વાસ હતો કે તેઓ તેને તજી દેશે નહિ. જો કે આપણે શેતાનની સતાવણીને કારણે નીચેના ઊંડાણના આશીર્વાદ ગુમાવી શકીએ છીએ. તો પણ ઈશ્વર તેનુ બમણું આપવા સામર્થ્યવાન છે. "...હું પિત્તળની ભાગળોના કકડેકકડા કરી નાખીશ, ને લોઢાની ભૂંગળોને કાપી નાખીશ. હું તને અંધકારમાં રાખેલા ખજાના તથા ગુપ્ત ઠેકાણામાં છુપાવેલું દ્રવ્ય આપીશ, "**....મેં તો તારું નામ લઈને તને બોલાવ્યો છે; જો કે તે મને ઓળખ્યો નથી...**" (યશાયા ૪૫:૨-૪)

અને યહોવાએ મૂસાને કહ્યું કે, "**પહેલીના જેવી બે શિલાપાટીઓ તારે વાસ્તે ઘડ; અને તારાથી ભાંગી ગયેલી પાટીઓ પર જે શબ્દો હતા, તે હું આ પાટીઓ પર લખીશ.**" (નિર્ગમન ૩૪:૧)

જો તમે ઈશ્વરના વચનની ખાતરી કે નીચેના ઊંડાણના આશીર્વાદો ભાંગી નાખ્યા હેય, તો કૃપા કરીને સમજશો, કે ઈશ્વર તે પાછું આપવા તૈયાર છે. વિશ્વાસથી કાર્ય કરો. ઈશ્વર ચોક્કસ તમારી જરૂરીયાતો પૂરી પાડશે.

## ૩. સ્તનના આશીર્વાદો!

સ્તનના આશીર્વાદો એ માતા જે તેણીના બાળકને ઉછેરે છે તે દર્શાવે છે. યૂસફે સ્તનના તથા ગર્ભસ્થાનના આશીર્વાદો મેળવ્યા હતા. ૨ રાજાઓ ૪:૮માં આપણે વાંચીએ છીએ શૂનેમની એક સ્ત્રી વિશે, જે ઘણી આદરયુક્ત હતી. તેણીને ઈશ્વરભક્તોની સેવા કરવાની ટેવ હતી. તેણીએ એક ઊપલો ઓરડો બંધાવ્યો



હતો અને સેવકોને ત્યાં રાખતી, સંભાળતી હતી. તેણી તેઓની સર્વ જરૂરીયાતો પૂરી પાડતી હતી. "**...જો, તેં અમારે સારું આ બધી કાળજી ને ચિંતા રાખી છે; તો તારે મો શું કરીએ?...**" એમ એલિશાએ પૂછ્યું (૨ રાજાઓ ૪:૧૩). આના પરથી આપણે સમજી શકીએ છીએ કે તેણી ઈશ્વરભક્તોની સારી સેવા કરતી હતી. ઈસુ ખ્રિસ્તે તેમના શિષ્યોને કહ્યું કે, "...કેમ કે હું તમને ખચીત કહું છું કે, તમે ખ્રિસ્તના છો એ કારણથી જે કોઈ તમને પ્યાલું પાણી પાશે, તે પોતાનું ફળ નહિ ખોશે." (માર્ક ૯:૪૧) તેમ જે કંઈ સેવા ઈશ્વરભક્તોને માટે કરો છો, તેની નોંધ આકાશમાં લેવામાં આવે છે. આ ઈશ્વરભક્તો કોણ છે? તેઓ તમારા જીવ અને આત્માના સારા માટે સંઘર્ષ કરે છે. તેઓ પ્રાર્થના કરે છે કે તમે તમારા જીવનમાં સફળ થાઓ. તેઓ તમારા વિશે આકાશમાં ઈશ્વરને અહેવાલ આપે છે. "યહોવા મારો પાળક છે; તેથી મળે કશી ખોટ પડશે નહિ." (ગીતશાસ્ત્ર ૨૩:૧). જે લાકડી ભરડવાના હાથમાં હોય છે, તેનાથી તે કુમળા પાંદડાઓ તોડીને નીચે નાખે છે, કે જેથી ઘેટાં તે ખાઈ શકે. જ્યારે ઘેટાં જમીન પરનું ઘાસ ખાઈને પૂરૂ કરે છે, ત્યારે ભરવાડની લાકડી ઝાડો પરના કુમળા પાંદડાઓ તોડવામાં કામ આવે છે. આ સ્તનના આશીર્વાદ છે. જેમ એક માતા


**નહેમ્યાહ બાઈબલ સાંધ્ય કોલેજ**

**ચેપોક તથા સંથોષપૂરમ, ચેન્નાઈ**

**માધ્યમ : તામિલ**

**સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર - ATA**

**આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો દ્વારા છેલ્લા ૫૩ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.**

ECHO OF HIS CALL (ECHO GROUP)

Regd. Candidate for Membership ATA NEHEMIAH BIBLE COLLEGE CHENNAI ECHO OF HIS CALL Estd. 1969

**ઇશ્વર વિદ્યામાં સર્ટીફિકેટ : એક વર્ષ**

**ઇશ્વર વિદ્યામાં ડિપ્લોમા : બે વર્ષ**

**શૈક્ષણિક પાત્રતા : ૧૦મું અને વધુ**

**પ્રવેશ લેવા ઝડપ કરો!**

**મહેરબાની કરીને સંપર્ક કરો**

**Contact : The Chairman, Nehemiah Bible College.**

**10, MOHAMMED ABDULLAH 2ND STREET, BELLS ROAD, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.**

**Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858**

E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

તેણીના બાળકને તેણીના સ્તનથી બાળકને ધવડાવે છે, તેવી રીતે ઈશ્વરભક્તો યહોવા પ્રભુના આશીર્વાદો લાવે છે, અને તે લોકો સુધી પહોંચાડે છે. આમ આપણે ઈશ્વરભક્તો તરફથી સ્તનના આશીર્વાદો પ્રાપ્ત કરવા જોઈએ.

**"...પણ હાન્નાને છોકરાં નહોતાં."** (૧ શમુએલ ૧:૨). "...પણ યહોવાએ તેનું ગર્ભસ્થાન બંધ કરી દીધું હતું." (૧ શમુએલ ૧:૬). આ કલમો બતાવે છે કે તે તો યહોવા પ્રભુ છે જેઓએ તેણીનું ગર્ભસ્થાન બંધ કરી દીધું હતું. તેણીએ યહોવા પ્રભુને પ્રાર્થના કરી અને માનતા માની કે જો યહોવા પ્રભુ તેણીને દીકરો આપશે, તો તેણી તેને પાછું યહોવા પ્રભુને અર્પણ કરશે, તેની આખી જિંદગી સુધી.

૧. **"બાળકનો ગર્ભ ધારણ કરવો" "એટલે ઈશ્વરના દર્શનને સ્વીકારવું"...** આટલું જ ફક્ત મહત્વનું નથી.

૨. **બાળકનો જન્મ થવો જોઈએ.** એનો અર્થ છે કે આપણે યહોવા પ્રભુનું દર્શન મેળવવા પરિણામલક્ષી હોવા જોઈએ.

૩. **પછી તમારે બાળકનો ઉછેર કરવો જોઈએ.** એક વાર તમે યહોવા પ્રભુનું દર્શન પ્રાપ્ત કર્યુ, પછી તમે તે દર્શનને આગળ વધારવું જોઈએ, તેનો ઉછેર કરવો જોઈએ અને કાળજીપૂર્વક તેને કૃતિમાં મૂકવું જોઈએ.

ઈશ્વરભક્તો કેટલીક માતાઓ જેવા ન હોવા જોઈએ, જેણીઓ તેમના નવા જન્મેલા બાળકને કચરાપેટીમાં નાખી દે છે. સુવાર્તા પ્રચાર કરીને, આપણે બીજાઓમાં ઈશ્વરના દર્શનને ઉત્પન્ન કરી શકીએ છીએ. પણ તેઓ તે મેળવે કે તરત પછી, આપણે તેમને એકલા મૂકી દઈ ન શકીએ. આપણે તેમના જીવનો આત્મામાં, વચનમાં અને સત્યતામાં ઉછેર કરવો જોઈએ. ઉત્પતિ ૨૧:૮માં આપણે જોઈએ છીએ કે છોકરો મોટો થયો અને તેનું દૂધ છોડાવવામાં આવ્યુ હતું. બાળકે દૂધ છોડ્યા પછી. ઈબ્રાહિમે મોટી મિજબાની આપી હતી. કોઈ વ્યક્તિ મંડળીમાં દર્શન મેળવે પછી, ઈશ્વરભક્તે તેને દોરવણી આપવી જોઈએ કે જેથી તે આત્મિક સત્યતા પ્રાપ્ત કરે અને તેમાં વૃદ્ધિ પામે. જેમ માતા તેણીના બાળકના ઉછેર માટે તેને દૂધથી પોષણ કરે છે, જે ઈશ્વરભક્તોએ સ્તનના આશીર્વાદો મેળવ્યા છે, તેમણે ચોક્કસ પવિત્ર આત્માના સામર્થ્યમાં ઊભા રહેવું જોઈએ અને તે મંડળીને, લોકોને અપનાવવા, અને તેમને વૃદ્ધિ પામવામાં સહાય કરવી જોઈએ. ઈશ્વરની મંડળી મજબૂતીથી બંધાવી જોઈએ... "તેની વિરૂધ્ધ હાદેસની સત્તાનું જોર નહિ ચાલે." (માથ્થી ૧૬:૧૮). ઈશ્વરના લોકો ઈશ્વરની મંડળીમાં રોપાયેલા, જડાયેલા હોવા જોઈએ. **"જેઓને યહોવાના મંદિરમાં રોપવામાં આવેલા છે, તેઓ આપણા દેવનાં આંગણામાં ખીલી રહેશે."** (ગીતશાસ્ત્ર ૯૨:૧૩).

## ૪. ગર્ભસ્થાનના આશીર્વાદો !

**"...જ્યારે એલિશા ઘરમાં આવ્યો ત્યારે, જુઓ છોકરો મૂએલો તથા પલંગ પર સુવાડેલો હતો. તેથી તે અંદર ગયો, ને બન્ને અંદર રહીને તેણે બારણું બંધ કર્યુ, ને યહોવાની પ્રાર્થના કરી. અને પલંગ પર ચઢીને તે છોકરા પર સૂતો, અને એના મોં પર પોતાનું મોં, એની આંખો પર પોતાની આંખો, એના હાથ પર પોતાના હાથ રાખ્યા; અને પોતે છોકરા પર લાંબો થઈને સૂતો. અને છોકરાનો દેહ ગરમ થયો. પછી તે પાછો ઊતર્યો, ને ઘરમાં આમતેમ એક ફેરો ખાધો; પછી ફરીથી ઉપર ચઢીને તે તેના પર લાંબો થઈને સૂતો; એટે છોકરાએ સાત વાર છીંક ખાધી, ને છોકરાએ આંખો ઉઘાડી."** (૨ રાજાઓ ૪:૩૨-૩૫).

આ પણ લોકોને ઈશ્વરભક્ત મારફત મળનાર આશીર્વાદ છે. જેમ એક માતા પીડા ભોગવાને બાળકને જન્મ આપે છે, તેવી જ રીતે ઈશ્વરભક્ત ઈશ્વરનું સામર્થ્ય પ્રાપ્ત કરે છે અને લોકોને સુવાર્તાનો પ્રચાર કરીને તેને સક્રિય કરે છે. તેઓને વૃદ્ધિ પામવામાં સહાય કરે છે અને તેઓને બીજા લોકોને મંડળીમાં લાવવા માટે પ્રોત્સાહિત કરે છે અને આમ વધુ

પાન ૯ પર આગળ...


## ઇકો ઓફ હીઝ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**



**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in



## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઇકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઇકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

**"જે વાંચે, તે સમજે"** (માથ્થી ૨૪:૧૫)

## ઈશ્વર પૂરૂ પાડનાર છે! GOD IS SUFFICIENT!

**"જેઓ યહોવાને શોધે છે તેઓને કોઈપણ સારા વાનાની અછત હોશે નહિ." - ગીતશાસ્ત્ર ૩૪:૧૦**

જ્યારથી અમે ૧૯૬૯થી **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજની** શરૂઆત કરી હતી, ત્યારથી અમને અમારી બહુવિધ પ્રવૃત્તિઓ માટે નાણાની જરૂર રહેતી હતી. અમને અમારા કર્મચારીઓના વેતન માટે, છાપખાનાના કાગળો માટે, ટપાલ ટિકિટો માટે, ટેલિફોન ખર્ચાઓ માટે, વીજળીના ખર્ચાઓ માટે, મકાનના ભાડા માટે, ગાડીભાડા માટે, ધર્માદા વગેરે માટે નાણાની જરૂર રહેતી હતી.

વ્યક્તિગત રીતે કહેતા, મારા પ્રભુ ઈસુ ખ્રિસ્ત મને પૂરૂ પાડનારા છે. મેં આજ સુધી નાણાની અપેક્ષા માટે કોઈના પણ દરવાજા કે કાર્યાલયના દરવાજા ઠોક્યા નથી. મને મારા મંડળીના સભ્યો કે મિત્રોને આર્થિક સહાય માટે પૂછવાની આદત નથી. પણ અત્યાર સુધી, જે યહોવા પ્રભુએ મને તેડ્યો છે, તેઓ તેમની રીતે, તેમના સમયમાં ચમત્કારીક રીતે મારી સર્વ જરૂરીયાતો પૂરી પાડી રહ્યા છે.

**"તેમણે દરેક વસ્તુને તેને સમયે સુંદર બનાવી છે..."** સભાશિક્ષક ૩:૧૧.

જરૂરીયાતોના તથા મૂશ્કેલીઓના સમયોમાં, મેં આવી પરિસ્થિતિઓ તરફ જોવાની આદત બનાવી દીધી હતી, જેવી કે, "મારે સહન કરવાનો સમય,' "એવો સમય કે જ્યારે ઈશ્વર મને પ્રાર્થના કરવા ફરજ પાડે છે," અને "એવો સમય જ્યાં પ્રાર્થનામાં મારો ઈશ્વર સાથે વધુ સારો સંબંધ બંધાય છે." આ અનુભવો પછી મેં મોટા ચમત્કારોનો આનંદ માણ્યો હતો. આવી પરિસ્થિતિઓમાં ઈશ્વરે મને સહાય કરવા વિવિધ લોકોને ઊભા કર્યા હતા, જેઓને હું જાણતો પણ ન હતો. ઘણી બધી વખત ઈશ્વરે મને અને મારા કુટુંબને અજાણ્યા લોકો મારફત પૂરૂ પાડ્યું છે.

૧૯૭૫માં, મારે બાપુજી પ્રેસને ભારતીય રૂા. ૩૦૦/- ચૂકવવાના હતા, જ્યાં અમારું સામયિક ઈકો ઓફ હીજ કોલ છપાતું હતું. કેમ કે મારા હાથમાં નાણા ન હતા, તેથી તે ચૂકવણીમાં મોડું થતું હતું. એક ગુરુવારને દિવસે, તે છાપખાનાના મેનેજરને મેં કહ્યું હું આવતા સોમવારે નાણાની ચૂકવણી કરીશ. પણ મારી પાસે તે નાણા મેળવવાનો કોઈ સ્રોત ન હતો. જો હું નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાઉં, તો તે મહિના માટે હું ઈકો ઓફ હિજ કોલ સામયિક પ્રકાશિત કરી શકત નહિ અને સરકાર તરફથી પણ પરિણામોનો સામનો કરવો પડવાનો હતો, જે મને ઘણા સતાવી રહ્યા હતા. મેં ઈશ્વરને મારી જરૂરીયાત માટે પ્રાર્થના કરી અને શાંત રહ્યો. આગળના રવિવાર સુધી મને જોઈતા નાણા મળી શક્યા નહિ.

સોમવારની સવારે, જ્યારે ટપાલ કાર્યાલયમાં મેં મારું મેઈલ બોક્સ ખોલ્યું, ત્યારે મેં તેમાં એક પરબિડિયું જોયું જે દક્ષિણ ભારતના મદુરાઈ તથા તૂતિકોરીન વચ્ચેના એક નાનું ગામડું નાગાલપુરમથી આવ્યું હતું. તે પરબિડિયામાં એક રૂા. ૩૦૦નો ડિમાન્ડ ડ્રાફ્ટ હતો (જે ક્રોસ કર્યો ન હતો). તે નાણા મારી તે દિવસની જરૂરીયાત પૂરી કરવા પૂરતા હતા. મારા વચન પ્રમાણે છાપખાનાને જે નાણા ચૂકવવાના હતા, તે આપવા માટે ઈશ્વર મને સક્ષમ કર્યો હતો. સર્વ માન મહિમા ઈશ્વરને હો!



ઘણા વર્ષો પછી, હું તે વ્યક્તિને મળવા નાગાલપુરમ ગામે ગયો. મારા આશ્ચર્ય વચ્ચે, મેં જાણ્યુ કે તે ગરીબ મોચી હતો.

તે મને જોઈને ઘણો આનંદિત થયે હતો. તેણે કહ્યુ, "સાહેબ, તે ખાસ ગુરુવારે, કોઈક મારા હૃદય સાથે વાત કરી રહ્યું છે એવું મેં અનુભવ્યું, મને **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીજને રૂા. ૩૦૦/- મોકલવા માટે સમજાવી રહ્યું છે, જે મારી પાસે તેટલા જ હતા. તેથી મેં તે નાણા શુક્રવારે તમને મોકલ્યા અને તમને તે સોમવારે મળ્યા હતા."

આમ પ્રભુ ઈસુ ખ્રિસ્તે મારા જીવનમાં ચમત્કારો કર્યા હતા. જો કે અમને કોઈ કાયમી નાણાકિય સહાયતા મળતી નથી, પણ ઈસુ ખ્રિસ્ત આવ અજાણ્યા લોકો મારફત અમારી સર્વ જરૂરીયાતો પૂરી પાડે છે, પૂરી પાડી રહ્યા છે.

હા, તે ખરેખર મુશ્કેલ માર્ગ છે! તો પણ હું દરેક દિવસે ઈશ્વરના મહિમાની મહાનતાને જોવાનો સાક્ષી રહ્યો છું. યહોવા પ્રભુ મારા પાળક છે, તેથી મને કશી ખોટ પડશે નહિ.

**"યહોવા મારો પાળક છે, તેથી મને કશી ખોટ પડશે નહિ."** ગીતશાસ્ત્ર ૨૩:૧.

**"જે કોઈ જ્ઞાની હશે તે આ વાતો ધ્યાનમાં લેશે..."** ગીતશાસ્ત્ર ૧૦૭:૪૩

■ ■ ■

(પાન ૭ થી આગળ...)

મંડળીઓ સ્થાપે છે. આમાં ઈશ્વરભક્તોની ભૂમિકા મહત્વની હોય છે. તેઓને જે કંઈ પણ આદેશ ઈશ્વર તરફથી મળ્યો હોય, તે તેઓએ ચોક્કસપણે લોકો સુધી અને મંડળી સુધી લઈ જવો જોઈએ. તેઓએ ઈશ્વરની આજ્ઞાઓનું પણ રક્ષણ કરવું જોઈએ.

જ્યારે આપણને ઈશ્વરની સેવા કરવાનું તેમની તરફથી તેડું મળે છે, ત્યારે આપણે તે સ્વીકારવું જોઈએ અને પાછા હઠવું ન જોઈએ. ઈસુનો શિષ્ય થોમા, પોતાની રીતે ભારતમાં આવ્યો હતો, જો કે તે ભારતની ભાષા કે સંસ્કૃતિ વિશે કંઈ પણ જાણતો ન હતો. તે તેના વિશ્વાસ દ્વારા ઈશ્વરનું સામર્થ્ય પ્રગટ કરી શક્યો હતો. તેની સમર્પિત સેવાને કારણે, ઈશ્વરનું ગૌરવ પ્રગટ થયુ હતું

ટોળાઓમાં લોકોએ વિશ્વાસ કર્યો હતો. એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ૩૦ લાખ લોકોએ પસ્તાવો કર્યો હતો. તેમાંથી ૭ લાખ લોકો ઈશ્વરની કૃપાથી સેવામાં છે. જો આ લોકો કાર્ય બરાબર કરે, તો આપણે કલ્પના કરી શકીએ છીએ કે કેટલા લોકો પસ્તાવો કરશે અને ઈશ્વરના બાળકો બનશે. આ પ્રાપ્ત કરવા માટે, આપણને ગર્ભસ્થાનના આશીર્વાદની જરૂર છે. જેમ માતા તેના બાળકને પીડા સાથે જન્મ આપે છે. જો આપણે તેમની સેવાના તેડામાં પ્રામાણિક અને સર્મપિત રહીશું, તો આપણે પણ લોકોને પસ્તાવો કરાવી શકીશું.

૨ રાજાઓ ૪:૧૮ એવા દીકરા વિશે વાત કરે દો જે તેના પિતા પાસે જાય છે, જે લણનારાઓ સાથે હતા. બાળકે મોટા થવું જોઈએ અને પિતાની સેવા કરવી જોઈએ. તેવી જ રીતે, જ્યારે મંડળી કે ઈશ્વરનો સેવક અથવા મંડળીના સભ્યો વૃદ્ધિ, પામે છે, ત્યારે તેઓએ પણ અન્યોની સેવા કરવી જોઈએ. તેણે **પોતાના બાપને કહ્યું, ''મારું માથું, મારું માથું!'' એટલે તેણે પોતાના ચાકરને કહ્યું કે, એને ઊંચકીને એની મા પાસે લઈ જા.''** ૨ રાજાઓ ૪-૧૯, જેવી રીતે દીકરો માંદો પડ્યો હતો, તેવી રીતે ઈશ્વરના સેવકો તથા વિશ્વાસીઓ પણ તેમની પ્રાર્થનામય જીંદગીમાં, સેવામાં કે મંડળીમાં આવતી વખતે મુશ્કેલીઓનો સામનો કરી શકે છે. આ એક બિમારી છે, જેને આપણે અવગણવી ન જોઈએ. આ પ્રસંગમાં, તે એજ રીતે ઘડ્યું હતું. બાળક-માતાના ખોળામાં મરણ પામ્યો હતો. જો આપણે આપણી સેવામાં કે આત્મિક સાહસમાં આત્મિક મરણનો સામનો કરીએ, તો આપણે મંડળીમાં જવાની અને આપણા ઈશ્વર પ્રભુ પાસે આવવાની જરૂર છે. ફક્ત માતા જ બાળકને બચાવી શકે છે. જ્યારે આપણે મંડળી પાસે જઈએ છીએ, યહોવા પ્રભુ, જેઓ આપણી માતા છે, તેઓ નક્કી આપણને બચાવશે. જેઓ મૃત્યુ પામ્યા છે, તેઓ ઈશ્વરને માટે કંઈ કરી શકતા નથી અને તેઓ તેમને માટે પ્રકાશિત થઈ શકતા નથી.

હજકિયેલ ૪૭:૩-૫માં, આપણે વાંચીએ છીએ કે પાણીમાં જતાં ૧૦૦૦ હાથનું અંતર માપવામાં આવ્યું હતું. ત્યાં પાણી ઘુટીસમા હતા. બીજા ૧૦૦૦ હાથ માપ્યા પછી, પાણી ઘુંટણસમા હતા. ફરી ૧૦૦૦ હાથ માપ્યું, અને ત્યારે પાણી કમરસમાં હતા. ફરી જ્યારે ૧૦૦૦ હાથ માપ્યું ત્યારે પાણી એક નદી જેટલું ઊંડું હતું, અને પ્રબોધક તેને પાર ઊતરી શકે તેમ ન હતો. તેનું કારણ છે કે જો આપણે ફક્ત ઈશ્વર આપણને જે આપે છે, તે બરાબર ઓળંગીએ, ત્યારે આગળના આશીર્વાદો માપવામાં આવશે અને પછી આપવામાં આવશે. તેથી, ઈશ્વર અહિં શું જાહેર કરે છે કે જ્યારે ઈશ્વર આપણને જે આપે છે તેનો બરાબર ઉપયોગ કરીએ છીએ, ત્યારે આગળના બીજા આશીર્વાદો આપણી આવશે. જો આપણે આપણી મંડળીની બરાબર કાળજી લઈએ, જે કંઈમાં ઈશ્વરે આપણને સેવા કરવા આપ્યું છે, ત્યારે આપણે ઈશ્વરના ભરપૂર આશીર્વાદો પ્રાપ્ત કરીશું અને આપણે તેમાં મોટી વૃધ્ધિ થતાં જોઈશું.

ગણના ૧૬:૩૬-૩૮માં **આપણે વાંચીએ છીએ કે ''અને યહોવાએ મૂસાને કહ્યું, હારૂન યાજકના દીકરા એલઆઝારને કહે કે, તે બળતામાંથી ધૂપપાત્રોને લઈ લે, ને તું અગ્નિને છેટે વિખેરી નાખ; કેમ કે તેઓ શુધ્ધ છે; હા, એ પોતાના પ્રાણોની વિરુદ્ધ પાપ કરનારાઓનાં ધૂપપાત્રો લઈ લઈને તેમને ટીપીને વેદી ઢાંકવા સારું પતરાં બનાવવાં; કેમ કે તેઓએ તેઓને યહોવાની સંમુખ ચઢાવ્યાં, એ માટે તેઓ શુધ્ધ છે; અને તેઓ ઈસ્રાએલપુત્રોને સારું ચિન્હરૂપ થશે.''**

મુલાકાત મંડપમાં પેટી, દીવા અને વેદી તેમની જગામાં એમ જ રહેશે. પણ ધૂપપાત્રો યાજકના હાથોમાં પકડી રાખવામાં આવશે અને જ્યાં કંઈ યાજક જાય ત્યાં તેમની સાથે જશે. હવે ધૂપપાત્રો અનિચ્છનીય જગામાં પડેલા હતા. ધૂપપાત્રો પવિત્રસ્થાનમાં હોવા જોઈએ, પણ અહિ આપણે જોએ છીએ કે તે બહાર પડી રહ્યા હતા. યહોવા પ્રભુએ આજ્ઞા કરી હતી કે ધૂપપાત્રો ટીપેલા ઘડતરના હોવા જોઈએ, જે વેદીની આસપાસ હોય. આપણે ચોક્કસ જણાવું જોઈએ કે આપણી આત્મિક વૃધ્ધિ આકાશમાં પહોંચવી જોઈએ અને તે માર્ગમાં ક્યાંય પણ થોભવી ન જોઈએ. આપણે કોઈ ખાસ આત્મિક અનુભવ જે આપણને થયો હોય, તેનાથી સંતુષ્ટ રહેવું ન જોઈએ. આપણે આત્મિકતામાં વધવું જોઈએ અને ઈશ્વરની સેવા કરવી જોઈએ જેથી આપણે તેમના રાજ્યમાં પ્રવેશી શકીએ.

આપણે ૨ રાજાઓ ૪:૨૧-૩૫માં જોઈએ છીએ કે મરણ પામેલા બાળકને જીતો કરવા માટે ગધેડો, એક ચાકર, માતા, ઈશ્વરભક્ત અને તેના ચાકરે શ્રેષ્ઠ પ્રયત્નો કર્યા હતા. આ પાંચ વ્યક્તિઓની સરખામણી સુર્વાતિકો, પ્રરિતો, પ્રબોધકો, પાળકો અને શિક્ષકો સાથે કરી શકાય. આ મુખ્ય લોકો છે જેઓ આપણને ગર્ભસ્થાનના આશીર્વાદો આપી શકે. ત્રણ લોકોનો ઈશ્વરભક્ત એલિશા પાસે જવા ઉપયોગ કરવામાં આવ્યો હતો. પછી, ચોથી વ્યક્તિ ગેહઝી, જે એલિશાનો ચાકર હતો, તેણે એલિશાની લાકડીથી મરેલા બાળકને જીવતો કરવાનો પ્રયત્ન કર્યો હતો. કેમ કે તે બાળકને જીવતો કરવામાં સફળ રહ્યો. ન હતો, તેથી તેઓ બાળકને એલિશા પાસે લાવ્યા હતા.

**''...જ્યારે એલિશા ઘરમાં આવ્યો ત્યારે, જુઓ છોકરો મૂએલો તથા પલંગ પર સુવાડેલો હતો. તેથી તે અંદર ગયો, ને બન્ને અંદર રહીને તેણે બારણું બંધ કર્યુ, ને યહોવાની પ્રાર્થના કરી. અને પલંગ પર ચઢીને તે છોકરા પર સૂતો, અને એના મોં પર પોતાનું મોં, એની આંખો પર પોતાની આંખો, એના હાથ પર પોતાના હાથ રાખ્યા; અને પોતે છોકરા પર લાંબો થઈને સૂતો. અને છોકરાનો દેહ ગરમ થયો. પછી તે પાછો ઊતર્યો, ને ઘરમાં આમતેમ એક ફેરો ખાધો; પછી ફરીથી ઉપર ચઢીને તે તેના પર લાંબો થઈને સૂતો; એટે છોકરાએ સાત વાર છીંક ખાધી, ને છોકરાએ આંખો ઉઘાડી.''** (૨ રાજાઓ ૪:૩૨-૩૫).

બાળકને બચાવવા માટે એલિશાએ ઘણી પધ્ધતિઓ અજમાવી હતી, ઘરમાં આમતેમ ર્ક્યો હતો અને છેવટે બાળકને જીવતો ર્ક્યો હતો. તેના પ્રર્યત્નોની સરખામણી એક માતા સાથે કરી શકાય, જે બાળકને ઘણી પીડા અને પ્રયત્ન સાથે જન્મ આપે છે.

તેવી જ રીતે, ઈશ્વરના સેવકોએ દુ:ખ સહન કરવા જોઈએ, એક માતાની જેમ, જે તેના બાળકને જન્મ આપે છે. તેઓએ સંઘર્ષ કરવાનો છે, જેથી લોકોનું આત્મિક જીવન નાશ ન પામે.

જે ધૂળથી બાળકનું શ્વસનતંત્ર રૂંધાયુ હતું, તે દૂર કરવામાં આવ્યું, ત્યારે બાળકે સાત વાર છીંક ખાધી. ઈશ્વરના સેવકોએ પણ લોકો માટે જે મહેનત કરી છે, તેમાં વાંધો ન લેવા જોઈએ અને ગર્ભસ્થાનના આશીર્વાદો લોકો સુધી પહોંચાડવા જોઈએ.

***********

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/21-23 WPP NO. TN/PMG(CCR)/WPP-216/21-23

## ઈકો ઓફ હીજ કોલ
### માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**

*****

**E.mail : sam@echoofhiscall.org**

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
**Postal Regn. No. TN/CH/(C)/203/21-23**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/21-23**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**
**on 16th NOVEMBER 2022**

**If un-delivered please return to:**

**ECHO OF HIS CALL (GUJARATI)**
**P.O. Box No. 2957,**
**Chepauk, Chennai - 600 005, INDIA.**
**Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766**

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No. 18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by him at **Echo of His Call Printers**, New No. 8 & 10, Old No. 18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**